# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪

સદ્‌વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૩૪ • ૧૫ માર્ચ ૨૦૨૩ • પાના : ૩૨ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## શિશુવિહાર બાળ પુસ્તકાલય મહોત્સવ




નગરપાલિકાની પ્રાથમિક શાળાઓનાં વિદ્યાર્થીઓ માટે શિશુવિહાર દ્વારા સતત ૧૫માં વર્ષે બાળ પુસ્તકાલય અંતર્ગત ૧૦૦-૧૦૦ પુસ્તકોનો સેટ આપવામાં આવ્યો. પરીખ ફાઉન્ડેશનનાં વિશેષ સહયોગથી પ્રારંભાયેલ કાર્યક્રમના પ્રથમ તબક્કે તારીખ ૪ ફેબ્રુઆરીએ શિક્ષણ સમિતિના સંકલન સાથે શિક્ષકોને પુસ્તકાલયના વિષય વસ્તુ આધારિત વાર્તાકથન અને બાળ ચિત્ર આલેખન કાર્યક્રમની વિગતો વર્કશોપ યોજી સમજાવવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. અશોકભાઈ પટેલ તથા શિક્ષણવિદ્ શ્રી નવનીતભાઈ રાઠોડ દ્વારા પ્રાકૃતિક આરોગ્યનાં વિષય વસ્તુને બાળકો સુધી કેવી રીતે પહોંચાડવું; તેની ઓડિયો વિઝયુઅલ પ્રસ્તુતિ આપવામાં આવેલ.

ભાવનગર શહેરમાં સક્રિય ૨૮ વ્યાયામ મંદિરોના સંચાલકોની ઉપસ્થિતિમાં યોજાયેલ શિક્ષક પરિસંવાદ દરમિયાન શહેરની જે પ્રાથમિક શાળાઓ પાસે બાળકો માટે રમત મેદાન નથી, તેમને ભાવનગરની વ્યાયામ શાળાઓનાં ઉપયોગની ખાતરી આપવામાં આવી. આ પ્રસંગે શિક્ષણવિદ્ ડૉ. નલિનભાઈ પંડિતે બાળકના સર્વાંગી વિકાસ અર્થે ઉપયોગી


શ્રી માનભાઈ ભટ્ટ
સ્થાપક : શિશુવિહાર

તંત્રી, પ્રકાશક, મુદ્રકઃ ડૉ. નાનકભાઈ ભટ્ટ

❀ પ્રકાશન સ્થળ ❀

શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧

Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com

Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736




વ્યાયામની વાત શિક્ષકો પાસે મૂકી હતી.

નગરપાલિકાનાં ભણતાં જરૂરિયાતમંદ બાળકો પૈકી ૬,૬૦૦થી વધુ બાળકોની પ્રતિ વર્ષ આરોગ્ય કાળજી લેતા શિશુવિહારની આરોગ્ય ટીમના ડૉ. અરવિંદભાઈ ત્રિવેદીએ શિક્ષકોનો આભાર વ્યક્ત કરી બાળ આરોગ્યની કાળજી માટે શિક્ષકોની સજાગતાનો વિચાર પ્રસ્તુત કર્યો હતો.




બાલ પુસ્તકાલય ઉત્સવના બીજા તબક્કામાં તારીખ ૧૭ ફેબ્રુઆરીએ શિશુવિહાર પરિસરમાં નગરપાલિકાના વિદ્યાર્થીઓ માટે ચિત્ર અને વાર્તાકથન કાર્યક્રમ યોજાઈ ગયો.

ભાવનગર મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં વર્ષ










૨૦૦૯થી ચાલતાં બાળપુસ્તકાલય અંતર્ગત વર્ષ ૨૦૨૩માં શિક્ષકો પાસે મૂકવામાં આવેલ 'પ્રાકૃતિક સ્વાસ્થ્ય' વિષયે પ્રશિક્ષિત વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. નવી શિક્ષણ નીતિમાં આવરી લેવાયેલ કૌશલ્ય તાલીમને વણી લેતા શાળા દીઠ બે-બે વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક જીવનનું ગૌરવ દર્શાવતા ચિત્રો તૈયાર કર્યા હતાં. આ પ્રસંગે પરીખ ફાઉન્ડેશનનાં પ્રતિનિધિ શ્રી ભવ્યભાઈ શાહ તેમજ મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે મહોત્સવમાં ભાગ લેનાર ૨૦૬ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવેલ.




પુસ્તકાલયને ઉત્સવ તરીકે પ્રસ્થાપિત કરતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી શ્રી શિશિરભાઈ ત્રિવેદીના વરદ હસ્તે પરીખ ફાઉન્ડેશનના શ્રી ભવ્યભાઈ શાહનું મોમેન્ટો અર્પણ કરી સન્માન કરવામાં આવેલ. સ્વાશ્રયી આરોગ્ય વિચારના પ્રણેતા શ્રી વિનુભાઈ ગાંધીનું સંસ્થા પ્રમુખ રાજેન્દ્રભાઈ દવેના હસ્તે સવિશેષ સન્માન કરવામાં આવેલ તથા કાર્યક્રમમાં નિર્ણાયક તરીકે સેવા આપનાર ૧૧ તજજ્ઞોનું વિશેષ અભિવાદન પણ થયું હતું. આ પ્રસંગે ઉત્તમ દેખાવ કરનાર ૪૪ વિદ્યાર્થીઓ પૈકી ૪ વિદ્યાર્થીઓએ પ્રાકૃતિક સ્વાસ્થ્ય વિષયે પોતાના વિચારો મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં વ્યક્ત કર્યા હતા, જે અત્યંત રસપ્રદ બની રહેલ. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમનું સંકલન ડૉ. નેહલભાઈ ત્રિવેદીએ કર્યુ હતું.

# સાભાર સ્વીકાર

શિશુવિહાર દ્વારા આંગણવાડીના બાળકોની તાલીમ માટે તથા દર્દી દેવો ભવઃની સદ્‌ભાવનાથી યોજાતા નેત્રયજ્ઞના દર્દીઓ માટે બસની સુવિધા મળી છે, જે ગૌરવપ્રદ બની રહે છે.



શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહકારથી શિશુવિહારમાં પ્રતિવર્ષ યોજાતા ૨૪ નેત્રયજ્ઞનાં દર્દીઓને વિરનગર સુધી લઈ જવા અને લાવવાની સેવા આઈ હૉસ્પિટલથી મળતી રહે છે, પરંતુ ગરમીનાં દિવસોમાં કેટરેક્ટની સર્જરી બાદ રાજકોટથી પરત ફરવાનું દર્દીઓ માટે મુશ્કેલ હોઈ પારેખ ફાઉન્ડેશનનાં સહકારથી મળેલ એરકંડિશનડ ૩૩ સીટની બસ રાહતરૂપ બની રહેશે.

'બાલદેવો ભવઃ'ની ઉદાત ભાવનાથી ૮૩ વર્ષથી કાર્યરત શિશુવિહારની તપોભૂમિ ઉપર શહેરની વિવિધ આંગણવાડીનાં ૮૦૦૦ બાળકો વર્ષ દરમિયાન બસમાં બેસીને નિયમિત રીતે બાલદેવવનમાં આવશે. કૌશલ્ય સેતુ કાર્યક્રમ થકી સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ દરમિયાન પૌષ્ટિક આહાર ઉપરાંત પ્રાર્થના, અભિનય ગીત, ક્રાફટ અને મૂલ્ય વર્ધક રમતો સાથે બાળકોને જોડવામાં આવશે.

**શિશુવિહારની સેવા અને બાળ શિક્ષણ પ્રવૃત્તિમાં રૂ. ૩૦ લાખનું અનન્ય યોગદાન આપનાર યુનિ-ડિઝાઈન જ્વેલરી પ્રા. લિમિટેડનો સંસ્થા આભાર માને છે.**

# શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિઓ




• શ્રી જલ્પાબહેન અંધારિયાનાં સંગીત નિયોજન તળે જાઝ મ્યુઝિક ગ્રુપનો સંગીત કાર્યક્રમ તારીખ પાંચ ફેબ્રુઆરીએ સંસ્થા રંગમંચ ઉપર પ્રસ્તુત થયો. કરાઓકે ઉપરના મ્યુઝિક કાર્યક્રમમાં રજૂ થયેલ જૂના હિન્દી ફિલ્મોનાં ગીતોને માણવા માટે ૨૦૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.



• શ્રી ભાવનગર યુનિવર્સિટી, સમાજશાસ્ત્ર વિભાગનાં અનુસ્નાતક ભવનનાં ૬૦ વિદ્યાર્થીઓ શિશુવિહારની શૈક્ષણિક મુલાકાતે આવ્યાં હતાં. સમાજશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ પ્રા. ડૉ. ચાવડા તથા પ્રા. ડૉ. ભણાતના માર્ગદર્શન હેઠળ સંસ્થા દર્શન માટે આવેલ વિદ્યાર્થીઓને અલ્પાહાર સાથે શિશુવિહારમાં ચાલતા કેર ટેકર તાલીમથી માહિતગાર કરવામાં આવેલ.



• શ્રી પુનિતભાઈ અંધારિયા પ્રેરિત વેલેન્ટાઈન સ્પેશ્યલ સંગીત સંધ્યા ૧૨ ફેબ્રુઆરીએ રંગમંચ પ્રસ્તુતિ પામી. શ્રી આનંદ પટ્ટણી, લત્તાબહેન તથા મહેમાન કલાકારોની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ ૫૪મો ‘મેરે સૂર મેરે ગીત’ કાર્યક્રમને માણવા માટે ૩૦૦થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.



• યુવકોના સમાજશાસ્ત્રને એક નવી દિશા આપનાર ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ રીડર ડૉ. રમણિકભાઈ ભટ્ટીની સ્મૃતિમાં ૧૩મું વ્યાખ્યાન યોજવામાં આવ્યું. ૧૪ ફેબ્રુઆરીએ યુનિવર્સિટી અનુસ્નાતક ભવનમાં યોજાયેલ વ્યાખ્યાનમાળામાં ‘નવી શિક્ષણનીતિની સામાજિક અસર’ વિષયે સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા ઈતિહાસ વિભાગનાં ૧૨૭ વિદ્યાર્થીઓને શિશુવિહાર સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે વિગતો આપી હતી. ગુરુકૂળ પ્રથા સાથે નવી શિક્ષણનીતિનો અનુબંધ પ્રસ્થાપિત કરતા, મહાત્મા ગાંધીની શિક્ષણ કલ્પના તથા નવી નીતિમાં વિદ્યાર્થીઓને વધુ સ્વાયત્ત શિક્ષણ તરફ લઈ જવાની ગતિને બિરદાવી હતી. આ ઉપક્રમે વિભાગના અધ્યક્ષ ડૉ. એચ.એલ.ચાવડાએ સૌનું સ્વાગત કર્યુ હતું.



•સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડમાં દીર્ઘકાલિન સેવાર્થી કર્મચારીઓનો અભિવાદન સમારોહ તારીખ ૧૫ ફેબ્રુઆરીએ સંસ્થામાં યોજઈ ગયો. સુમિટોમોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સુશિલભાઈ મારફતિયા તથા ખાસ જાપાનથી પધારેલ. સંચાલકો તેમજ ભાવનગર એકમના વાઈસ પ્રેસિડન્ટ ડૉ. અમિત મહેતાની પ્રેરક ઉપસ્થિતિ સાથે ૩૭ કર્મચારીઓનું પરિવાર સાથે અભિવાદન થયું. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમનું સંકલન મેનેજર એચ.આર. શ્રી સતિષભાઈ મહેતાએ કર્યુ હતું.

# શિશુવિહારનું અભિવાદન



• કલા, સંસ્કૃતિ અને શૈક્ષણિક સંસ્કારથી સભર ભાવનગરમાં નવી પેઢી પોતાની વારસાગત ઓળખ જાળવી રાખે તે હેતુસર છેલ્લાં ૨૪ વર્ષથી સાતત્ય પૂર્ણ રીતે યોજાતા એકસલ એક્સપ્રેશનના વિનર શોમાં શિશુવિહાર સંસ્થાનાં યોગદાનની નોંધ લેતા સંસ્થાનું વિશેષ અભિવાદન કરવામાં આવ્યું. ૧૬ ફેબ્રુઆરીએ મેઘાણી ઑડિટોરિટમમાં યોજયેલ સમારોહમાં સુમિટોમો કેમિકલ્સ ઈન્ડિયા લિમિટેડના એમ.ડી. શ્રી સુનિલભાઈ મારફતિયા તથા લોકભારતી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ભદ્રાયુભાઈ વચ્છરાજાનીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ સમાપન સમારોહમાં શિશુવિહાર સંસ્થા વતી મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટે અભિવાદન સ્વીકાર્યુ હતું.



• ભાવનગર મ્યુનિસિપલ કમિશનરશ્રી એન.વી.ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને ૯૫મો સાયકલ વિતરણ સમારોહ ૧૯ ફેબ્રુઆરીએ યોજાઈ ગયો. ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન તરીકે સાઈકલ પહોંચાડતા શ્રી પ્રમોદભાઈ વોરાના અથાગ પ્રયત્નથી ૨૩ ભાઈ-બહેનોને શ્રી સંદિપભાઈ શાહ તથા સચિન પાઠકની ઉપસ્થિતિમાં સાઈકલ વિતરણ થયું.



• શ્રી સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ જ્ઞાતિના મેડિકલ, એન્જિનિયરિંગ, ફાર્મસી, સાયન્સ, આર્ટસ તથા કોમર્સ વિષયમાં સ્નાતક અનુસ્નાતક વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાનો તથા વિશિષ્ટ પ્રતિભાઓને પુરસ્કૃત કરવાનો સન્માન સમારોહ તા. ૧૯ ફેબ્રુઆરીએ સંસ્થા પ્રાંગણમાં યોજાયો. ભાવનગરના જાણીતા શિક્ષણવિદ્દ શ્રી ભાવિનભાઈ એસ. ભટ્ટ તેમજ મહાનુભાવોની હાજરીમાં યોજાયેલ સમારોહમાં ૫૪ યુવા ભાઈ-બહેનોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. શિશુવિહાર સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવેના આશીર્વચન સાથે સંપન્ન થયેલ કાર્યક્રમનું સંકલન પ્રા. ડૉ. રોહિતભાઈ દવેએ સંભાળ્યું હતું.

• ભાવનગરનાં જાણીતા કલાવૃંદ 'સપ્તસૂરી' સંધ્યાનાં ઉપક્રમે ૬૭મી સંગીત કાર્યક્રમ ૧૯ ફેબ્રુઆરીએ રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, શ્રી ભાવનાબહેન પંડયા તેમજ સૂરીલા ગાયકોને માણવા ૨૫૦થી વધુ સૂજ્ઞ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.







• માતૃભાષા દિવસ પ્રસંગે ટીવી-૯ ચેનલનાં ઉપક્રમે યોજાયેલ ચર્ચામાં શિશુવિહાર સંસ્થા વતી ડૉ. નાનકભાઈ ભટ્ટે ભાગ લીધો હતો તથા વર્ષ ૨૦૦૯થી ચાલતી સંસ્થાની બાળ પુસ્તકાલય પ્રવૃત્તિઓનાં અનુભવો દર્શાવતા માતૃભાષામાં શિક્ષણની ઉપયોગિતા જણાવી હતી. ૨૧ માર્ચે માતૃભાષામાં શિક્ષણની હિમાયત માટેની ગોષ્ઠીમાં ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષ શ્રી ભાગ્યેશભાઈ જહા તેમજ અમદાવાદ સ્થિત દિવાન બલ્લુભાઈ શાળાનાં આચાર્ય શ્રી કિરીટભાઈ જોષીએ માતૃભાષા શિક્ષણની અસરકારકતા વ્યકત કરી હતી.




• ભાવનગર સ્થિત પ્રણામી શાળાના વિદ્યાર્થીઓનો ૧૯મો વાર્ષિકોત્સવ ૨૩ ફેબ્રુઆરીએ સંસ્થા રંગમંચ ઉપર યોજાયો. શાળાનાં ૪૦૦થી વધુ ભૂલકાંઓ માટેનાં અનેરા કાર્યક્રમને માણવા વાલીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



• તા.૨૪ ફેબ્રુઆરીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ સંલગ્ન માતૃમંદિર કૉલેજ ખાતે યોજાયેલ વાર્ષિક કાર્યક્રમમાં અતિથિ તરીકે આમંત્રિત શિશુવિહારનાં મુખ્ય સંયોજક ડૉ. નેહલ ત્રિવેદીનું સમાજકાર્ય વિષયમાં સંશોધન, લેખન અને અધ્યાપન ક્ષેત્રે યોગદાનની નોંધ લઈને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ શ્રી પ્રા. જી.સી. ભીમાણીના હસ્તે સન્માન અને અભિવાદન કરવામાં આવેલ.

• નટરાજ કલા સંસ્થા પ્રેરિત ૧૪૩મી સંગીત સંધ્યા 'એક સાંજ આપની સાથે' તારીખ ૨૬ ફેબ્રુઆરીએ રંગમંચ પ્રસ્તુતિ પામી. શ્રી કેતનભાઈ આવસત્થીના સ્વર સંચાલન સાથે યોજાયેલ જૂનાં હિન્દી ફિલ્મોનાં ગીતોને માણવા માટે ૩૫૦ શ્રોતાઓ પધાર્યા હતા.



# શિશુવિહાર સંસ્થાનું સન્માન







• આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે શિશુવિહારમાં સન્માનિત રાજ્યની ૭૫ સ્વૈચ્છિક સંસ્થાઓ પૈકી જામનગર-દ્વારકા જિલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓનું સંમેલન શ્રી કસ્તરુબા સ્ત્રી વિકાસ ગૃહમાં યોજાઈ ગયું. ૨૨ ફેબ્રુઆરીએ જામનગરમાં યોજાયેલ સંમેલનમાં ગુજરાત સેવા સેતુના સંવાહક તરીકે ડૉ. નાનકભાઈ ભટ્ટ તેમજ શ્રી નિર્મોહીબહેન ભટ્ટનું અભિવાદન કરાયું હતું. પ્રવર્તમાન સમયે સ્વૈચ્છિક સંસ્થા સાથે જોડાયેલ ચેરિટિ એક્ટ, ઈન્કમટેક્ષ એક્ટ તથા એકાઉન્ટ અંગેના વહીવટી નિયમોની ગંભીરતાથી સાથી સંસ્થાઓ વાકેફ રહે તે દિશાના પ્રયત્નમાં યોજાયેલ ત્રીજા સંમેલનનું માર્ગદર્શન વિકાસગૃહના પ્રમુખ શ્રી કરશનભાઈ ડાંગરે કર્યુ હતું

• પૂજ્ય મુક્તાનંદ બાપુ પ્રેરિત બ્રહ્માનંદધામ ચાપરડા (જૂનાગઢ) આનંદધારાના ઉપક્રમે બાળકોના સ્વાસ્થ્ય, પ્રતિભાના વિકાસ તથા કર્ણપ્રિય ગીત, સંગીત, અભિનય ગીત અને બાળ પ્રવૃત્તિઓ વિશે વિચારોના આદાન પ્રદાન માટેની તાલીમ તા.૨૭ ફેબ્રુઆરીએ ચાપરડા ખાતે યોજાઈ. આ પ્રસંગે શિશુવિહાર બાલમંદિરના શિક્ષિકા શ્રી અંકિતાબહેન ભટ્ટ અને કમલાબહેન બોરીચાએ આનંદધારાની ૫૦ આંગણવાડીની બહેનોને તાલીમ



આપી હતી. તાલીમ દરમિયાન બહેનોને અભિનય ગીત, નાટક અને રમતગમત જેવી વિવિધ પ્રકારની તાલીમ આપવામાં આવેલ. બ્રહ્માનંદધામના સ્થાપક પૂજ્ય મુક્તાનંદજી બાપુ, રાઠોડ સાહેબ, શ્રી પંડિત સાહેબ, શ્રી પ્રવીણાબહેન ખીમસૂરિયા, શ્રી જીજ્ઞેશભાઈ ગૌસ્વામી તથા વિદ્યામંદિરના આચાર્ય શ્રી ભાવિનભાઈ જોષીની ઉપસ્થિતિમાં યોજાયેલ તાલીમનું સંકલન શિશુવિહાર સંસ્થાનાં ચીફ કો-ઓર્ડિનેટર શ્રી હીનાબહેન ભટ્ટ દ્વારા થયું હતું.

## બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર:



ફેબ્રુઆરી માસમાં શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં બાળકોની સરેરાશ સંખ્યા ૭૦ રહી હતી. માસ દરમિયાન બાળકોને વ્યાયામ, બાળવાર્તા, અંગ સ્વચ્છતા, ગેરુ વડે ચિત્રકામ પ્રકારની કામગીરી સાથે સાંકળવામાં આવ્યા હતા. બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુસર માસ દરમિયાન જુવારા વાવવા, અવાજ કરતી ફૂટપટ્ટી, લોહચુંબક પ્રકારે પ્રવૃત્તિ યોજવામાં આવેલ. માસમાં વિવિધ અનાજ-કઠોળની રંગોળીનું પ્રદર્શન યોજવામાં

આવેલ.

શ્રી યુગભાઈના જન્મદિવસ નિમિતે બાળકોને ભોજન આપવામાં આવેલ. ઉપરાંત ૧૫ દાતાઓ દ્વારા પોષક આહાર પીરસવામાં આવેલ. માસ દરમિયાન પ્રાત:પ્રાર્થના સમયે ૩ બાળકોનો જન્મદિવસ વાલીઓની ઉપસ્થિતિમાં ઉજવવામાં આવેલ.

બાલમંદિર વિશેષ પ્રવૃત્તિ અંતર્ગત તારીખ ૧૫ ફેબ્રુઆરીએ જીવન વ્યવહારની તાલીમ યોજવામાં આવેલ. જેમાં ૫૦ બાળકો અને ૪૦ વાલીઓએ ભાગ લીધો હતો.

તારીખ ૨૭ ફેબ્રુઆરીએ બાલમંદિરની શૈક્ષણિક મુલાકાતે શ્રી વિનય વિહાર કેળવણી મંડળ સંચાલિત લોકવિદ્યાલય વાળુકડથી ૩૫ વિદ્યાર્થિનીઓ મુલાકાતે પધારેલ જેને સંસ્થા તરફથી માર્ગદર્શક સાહિત્ય આપવામાં આવેલ.

સંચાલક: શ્રી ઉષાબહેન રાઠોડ, શ્રી અંકિતાબહેન ભટ્ટ



ભારતીય પરંપરાથી બાળ કેળવણીનો મહિમા મૂકનાર ગિજુભાઈ બધેકા ઈચ્છતા કે બાળકના હાથ પગ માટીથી ખરડાયેલા હોય. ભારતીય સંસ્કૃતિમાં પણ રમણ રેતીના પ્રસંગથી માટીનું મહિમા ગાન થયું છે. વૈજ્ઞાનિક તથ્યો પણ સ્પષ્ટ કરે છે કે માટી સાથે વિકસતા બાળકના મસ્તિષ્કના ન્યુરોસ સરળતાથી જોડાણ મેળવે છે અને ૬૫-૭૦ વર્ષ પછીના મેન્ટલ ડિસઓર્ડર્સથી તેને દૂર રાખે છે. તેથી જ શિશુવિહાર બાલમંદિરના બાળકોને પ્રાકૃતિક જીવન સાથે જોડી રાખવા માટે માટીકામ આપવામાં આવે છે. ખાસ કુંભારને બોલાવી ચાકડા ઉપર પ્રત્યક્ષ કામ બતાવવામાં આવે છે. ભાવનગરની શિક્ષણ અને સંસ્કાર ભૂમિ પરથી બાળકેળવણીનું જે કામ થાય છે તે ગુજરાતમાં અન્યત્ર ભાગ્યે જ જોવા મળે છે. યુનિસેફના તાજેતરના અહેવાલ અનુસાર આવતા એક દાયકામાં વિશ્વભરના દેશોએ પોતાના નાગરિકોનાં માનસિક સ્વાસ્થ્ય પાછળ વધુ ને વધુ ખર્ચ કરવો પડશે. આ હકીકત સામે રાખી માતા-પિતાએ સમજવું પડશે કે ચાર દીવાલો વચ્ચેનાં શિક્ષણે જે સામાજિક અને સ્વાસ્થ્યલક્ષી પ્રશ્નો ઊભા કર્યા છે તેનો જવાબ ગિજુભાઈએ આપેલી બાલમંદિરની તાલીમમાં છે, મોંઘી શિક્ષણ પદ્ધતિમાં નથી. યુનિવર્સિટીના મહાકાય માળખામાં નથી, પણ બાલમંદિરની તાલીમમાં રહેલો છે.

સાભાર સૌજન્ય: બાલમૂર્તિ, વડોદરા

## આરોગ્ય

# ૪૫૬ તથા ૪૫૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ:






શિશુવિહાર સંસ્થામાં સ્વ. હીરાલક્ષ્મી ચંદ્રશંકર મહેતાની સ્મૃતિમાં શ્રી માલવિકાબહેન સુરેશભાઈ મહેતાના સૌજન્યથી ૪૫૬મો નેત્રયજ્ઞ તેમજ સ્વ. જુબેદાબહેન જૈનુદ્દિનભાઈ વલીની સ્મૃતિમાં શ્રી શબનમબહેન કુતુબભાઈ કપાસીનાં સૌજન્યથી ૪૫૭મો નેત્રયજ્ઞ તારીખ ૨૪ ફેબ્રુઆરીએ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.

ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શિવાનંદ આઈ હૉસ્પિટલનાં સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૧૪૩ દર્દીઓની આંખ તપાસ વીરનગરના ડૉ. શ્રી શ્રુતિબહેનની ટીમ દ્વારા કરવામાં આવી.






લાભાન્વિત દર્દીઓને શિશુવિહાર પરિસરમાં 'ડૉ. મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા' ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો અને બપોરે ભોજન બાદ કેટ્રેક્ટ સર્જરી માટે ૩૬ દર્દીઓને એટેન્ડન્ટ સાથે ખાસ બસમાં વિરનગર લઈ જવામાં આવ્યા.

'દર્દી દેવો ભવ:'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાનાં તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

# કાંઠા વિસ્તારનાં ગામડાંઓ માટે આરોગ્ય શિબિર




ભાવનગરનાં ખાડી વિસ્તારનાં અત્યંત પછાત ગામડાંઓમાં ગ્રામજનોનાં આરોગ્યની કાળજી લેતી નિરમા ઈન્ડસ્ટ્રિઝના સહયોગથી ફેબ્રુઆરી માસમાં (ગામ) આણંદપરમાં આરોગ્ય શિબિર યોજાયેલ, જેમાં ૧૫૧ દર્દીઓને નિદાન તેમજ જરૂરી દવા અને સારવાર આપવામાં આવી હતી. આ પ્રસંગે શિશુવિહાર સંસ્થાનાં બાળ પુસ્તકાલય અંતર્ગત ૧૦૦







પુસ્તકોનો સંપુટ આચાર્યશ્રીને ભેટ સ્વરૂપે આપવામાં આવેલ. ભાવનગર જિલ્લાનાં ગામડાંઓના સ્વાસ્થ્યની કાળજી માટે વાઘ-બકરી ફાઉન્ડેશન દ્વારા મળેલ મેડિકલ વેનનાં વિશેષ સહયોગથી યોજાતા આરોગ્ય શિબિરોમાં ડૉક્ટરશ્રી અરવિંદભાઈ ત્રિવેદી, શ્રી અંકિતાબહેન ભટ્ટ, શ્રી રેખાબહેન ભટ્ટ, શ્રી દીપાબહેન જોશી, શ્રી નિર્મોહીબહેન ભટ્ટ તથા નિરમા લિમિટેડનાં પ્રતિનિધિ સુરેશભાઈ સુખાનંદી અને ગામના હોમિયોપેથિક મેડિકલ ઓફિસર ડૉ. લાલજીભાઈ ગોહેલ તથા આચાર્ય શ્રી ગજુભાઈની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી રાજુભાઈ મકવાણા દ્વારા થયું હતું.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

# જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ



ફેબ્રુઆરી માસ દરમિયાન ક્રીડાંગણમાં નિયમિત રીતે આવતાં તાલીમાર્થીઓની સંખ્યા ૪૫ રહી હતી. માસ દરમિયાન ખારોપાઠ, વૉલીબોલ, બેઝબોલ જેવી સામુહિક રમતો રમાડવામાં આવી હતી.

સાયં પ્રાર્થના સમયે બાળકોએ ટુકડીમાં રહી પ્રાર્થના ધૂન, સમૂહગીત, હર્ષનાદો કર્યા હતાં, તેમજ ક્રીડાંગણ તાલીમાર્થી ગૌત્તમ બારૈયા, સોહન મકવાણા, માનવ રાઠોડ અને ઉદય રાઠોડનો જન્મદિવસ પ્રસાદ-સ્મૃતિ ભેટ સાથે ઉજવાયો હતો.

સંસ્થા કાર્યકર શ્રી દક્ષાબહેન ગોહેલનાં સ્વ.નાનીશ્રીની પુણ્યતિથિ નિમિત્તે બાળકોને નાસ્તો આપવામાં આવેલ. શ્રી નિરવ હસમુખભાઈ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે બાળકોને ભોજન આપવામાં આવેલ. સ્કાઉટ તાલીમાર્થી પાર્થ તરફથી બૂંદી-ગાઠિયાનો નાસ્તો આપવામાં આવેલ.




સંસ્થા પુસ્તકાલય યોજિત ‘મારું પ્રિય પુસ્તક’ કાર્યક્રમમાં સ્કાઉટના વિદ્યાર્થીઓને કિશોર પુસ્તકોના પરિચય સાથે ગોષ્ઠિ અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ૪૦ સ્કાઉટે હાજર રહી વાર્તાનો આનંદ માણ્યો હતો.

૨ ફેબ્રુઆરીના રોજ ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડના ઉપક્રમે યોજાયેલ ૨૦૨૦-૨૧ રાજ્ય પુરસ્કારની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓનો

સન્માન કાર્યક્રમ યોજાયો. જેમાં ભાવનગરના પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં શિશુવિહાર સ્કાઉટ ટ્રુપના પાર્થ બારૈયા, હર્ષ ચુડાસમા, સુમિત પરમાર, મિલન બારૈયા, મયંક બારૈયા, વિરેન રાઠોડ, શુભમ ગોહેલ, સોહન મકવાણા અને અર્જૂન પરાડકરને મેડલ તેમજ પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સંચાલક: શ્રી કમલેશભાઈ વેગડ

## આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. યુઝ એન્ડ થ્રો કપમાં આપવામાં આવતાં અને શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ માસ દરમિયાન ૧૦૦૫ નાગરિકોએ લીધેલો.

– સંચાલક: શ્રી નરસિંહભાઈ મકવાણા

## વયસ્કો માટે ૩૩૭મી દૃષ્ટિચકાસણી શિબિર:




શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી ફેબ્રુઆરી માસમાં ૩ રવિવારે દૃષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટ દ્વારા Auto Refractometer દ્વારા ૧૧૩ વયસ્કોની આંખ તપાસ બાદ જરૂરિયાત મુજબ ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી

## ફિઝિયોથૅરાપી તથા ફિટનેસ સેન્ટર:



શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથૅરાપી સેન્ટરમાં સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તથા સાંજના ૪:૩૦થી ૭ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ. જાહ્નવીબહેન તેજાણીનાં કન્સલ્ટેશન હેઠળ ફેબ્રુઆરી માસમાં ૪૩૪ દર્દીઓએ સારવાર લીધી હતી. ફિટનેસમાં ૬ ભાઈઓ આવ્યા હતા.

સંચાલક: શ્રી નિશાબહેન બારૈયા

## શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:




ફેબ્રુઆરી માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવાર થી શુક્રવાર સાંજના ૪ થી ૬ દરમિયાન ઍલોપૅથીની સારવારનો લાભ ૯૭૪ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવેલ.

સંચાલક: ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

## જીવન શિક્ષણ તાલીમ::

ભાવનગરના સેવાભાવી યુવક મિત્રો દ્વારા શહેરના પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના વિદ્યાર્થીઓ માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૨૨ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ૪૭ ગરીબ બાળકોને નાસ્તો, ગણન-વાંચન, ક્રાફ્ટ અને રમત-ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. ડ્રોપ સંસ્થા થકી આ સેવાભાવી યુવકો વંચિતો માટે શિક્ષણ ઉપલબ્ધ કરાવી રહ્યા છે, જે નોંધનીય બને છે.

## સંગીત વર્ગ:

ફેબ્રુઆરી માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૩ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક:શ્રી દેવુભાઈ મહેતા

## બાલદેવ વન:

ફેબ્રુઆરી માસ દરમિયાન શ્રી તદ્રૂપાનંદ બાલદેવવન તથા ઍક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં ૧૧૦ બાળકો પોતાના વાલી સાથે રમવા આવ્યાં હતાં. શ્રી સરસ્વતી વિદ્યા મંદિરના ૮૦, ફ્યુચર ઈન્ટરનેશનલ સ્કૂલનાં ૩૦ તેમ કુલ ૧૧૦ બાળકોએ મુક્ત-મને રમી આનંદ માણ્યો હતો. બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક: શ્રી હીનાબહેન ભટ્ટ

## સંસ્કાર સાહિત્ય પ્રકાશન

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર

સંયોજન: રાજા રામમોહન રૉય ફાઉન્ડેશન

ફેબ્રુઆરી માસમાં ૩૦ વાચક સભ્યોએ ૬૦ પુસ્તકો વાચ્યાં હતાં.

**સંસ્થા પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળેલાં પુસ્તકો, જેનો સાભાર સ્વીકાર છે.**

શબ્દ ભીતર સુધી, જીવન કળા, ગાંધીજીની યુરોપ યાત્રા, પરિચય પ્રભાવ-પ્રતિભાવ અન્ય ૬૦ પુસ્તકો (શ્રી હરદેવસિંહજી ગોહિલ), સ્વાશ્રયી આરોગ્ય, સ્વાશ્રયી વૈદકશાસ્ત્ર, સરગવો વિશેષાંક અન્ય ૧૫૦ પુસ્તકો (શ્રી વિનુભાઈ ગાંધી)

સંચાલક :શ્રી દીપાબહેન જોષી

## મહિલા ઉત્કર્ષ અને વ્યાવસાયિક તાલીમ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

ફેબ્રુઆરી માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૧૯ રહી હતી. તા.૧૪ ફેબ્રુઆરીએ રતનબહેન દ્વારા સીવણ તાલીમાર્થી બહેનોને મશીન રિપેરિંગ અંગેની સમજ અપાઈ હતી.



સંચાલક: શ્રી ગુલાબબા ગોહિલ

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસનાં પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. જાન્યુઆરી માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ કીર્તિબહેનનાં ઘરે યોજાયો હતો. - શ્રી ઈન્દાબહેન ભટ્ટ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ૭ વિવિધ પ્રકારોમાં ૮૪ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦ થી ૭:૩૦ દરમિયાન મળી શકે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન ૩ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ

## તાલીમઃ




પ્રા. ડૉ.નેહલભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૪ ફેબ્રુઆરી યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનું મૂલ્યાંકન તેમ જ માર્ચ માસના સંસ્થાગત કાર્યો અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી હતી. તા.૭ ફેબ્રુઆરીએ સંસ્થા કાર્યકરોએ ટ્રુશેપ પ્રીસિજન કાસ્ટિંગ્સ પ્રા. લિમિટેડની મુલાકાત લીધી હતી.

સંચાલકઃ શ્રી હીનાબહેન ભટ્ટ

## માંદગી સાધનસહાયઃ

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૬૪ દર્દીઓએ લાભ લીધો હતો. શ્રી વીરલભાઈ વેદ તરફથી ફોલ્ડિંગ વોકર ભેટ મળેલ છે.

સંચાલકઃ શ્રી અનિલભાઈ જોશી

## હસ્ત ઉદ્યોગ કાર્યશાળાઃ




બાળકો તેનાં શારીરિક વિકાસ સાથે સર્જનશીલતાનો આનંદ લઈ શકે તે માટે શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ કેન્દ્રમાં પ્રત્યેક શનિવારે સાંજે ૫ થી ૬ દરમિયાન વિદ્યાર્થીઓને જીવનશિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ફેબ્રુઆરી માસમાં પ્રવૃત્તિ ક્રમાંક ૧૬૧ થી ૧૬૩માં તાલીમ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને રંગીન કાગળમાંથી ગીફ્ટ કવર, કોરા કાગળમાંથી ડાયરી, પેપર બેગ બનાવવાનું કૌશલ્ય આપવામાં આવ્યું. જેમાં ૧૨૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

તાલીમી સંચાલક :શ્રી પ્રીતિબહેન ભટ્ટ

## બુધસભા:

૧૯૮૦થી અવિરતપણે ચાલતી બુધસભાની ૨૨૨૩મી બેઠક તા.૨૨/૨/૨૩ને બુધવારે યોજાઈ. શ્રી માનસીબહેન ત્રિવેદીનાં સંચાલનમાં




૧૯ કવિ-કવયિત્રીઓને શ્રી જયેન્દ્રભાઈ જોષી દ્વારા વેણીભાઈ પુરોહિતનું કાવ્ય 'જોગી ચલો ગેબને ગામ'નો આસ્વાદ કરાવવામાં આવ્યો. વેણીભાઈ પુરોહિતના જન્મદિવસ નિમિતે બુધસભામાં તેમની કાવ્યપંક્તિ દ્વારા સ્મૃતિઓને તાજી કરવામાં આવી. માસના બીજા બુધવારે શ્રી અંજનાબહેન ગોસ્વામીનાં સંચાલન હેઠળ 'અવસર અભિવ્યક્તિ' અંતર્ગત વેલેન્ટાઈન ડેને ધ્યાનમાં રાખી સ્વરચના પઠન કરવામાં આવ્યું. આ પ્રસંગે કવિ-કવયિત્રીઓની સંખ્યા ૩૦ રહી હતી.

માસના ત્રીજા બુધવારે શ્રી જીજ્ઞાબહેન ત્રિવેદીનાં સંચાલન હેઠળ 'સર્જનની પૂર્વ ક્ષણોમાં' કવિ વિશેષ વક્તવ્ય અંતર્ગત પરેશભાઈ ત્રિવેદીએ પ્રસિદ્ધ કવિ શ્રી મનોહર ત્રિવેદીના કાવ્યોનો આસ્વાદ કરાવ્યો જે રસપ્રદ રહ્યો હતો. બુધસભાની આ બેઠકમાં ૪૦ સાહિત્ય પ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ફેબ્રુઆરી માસની અંતિમ બેઠકમાં શ્રી લાલજીભાઈ બાંભણિયાના સંચાલનમાં કવિ વિશેષ ઉપક્રમ અને સ્વરચના પઠનમાં શ્રી પ્રવીણભાઈ સરવૈયાના સંકલન સાથે કવિ મકરંદ દવેના જીવન અને કાવ્ય સર્જન વિશે રજૂઆત થઈ. કવિ મકરંદ દવેના વિશેષ કાર્યક્રમમાં ૩૫ કવિ-કવયિત્રીઓએ ભાગ લીધો હતો. ઉપરાંત સ્વ-રચનાઓનું પઠન કરેલ. સમિતિ સંચાલકોના સક્રિય સહકારથી યોજાયેલ ચાર બેઠકોમાં પ્રસ્તુત થયેલ ૧૨૪ રચનાઓ ધ્યાન ખેંચનાર બની રહી હતી.

સંચાલક: શ્રી દીપાબહેન જોશી



## પ્રચાર-પ્રસાર



### ફેબ્રુઆરી માસમાં પંચવર્ષીય લવાજમ રૂ.૨૫૦/-ભરી સભ્ય થનાર મિત્ર

શ્રી મણિભાઈ પટેલ-વડોદરા, શ્રી મહેશભાઈ પટેલ-વડોદરા, શ્રી સિહોર નાગરિક સહકારી બેંક લિમિટેડ-સિહોર, શ્રી હિતેષભાઈ મહેતા-ભાવનગર

સંચાલક: શ્રી દક્ષાબહેન ગોહેલ



### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ફેબ્રુઆરી માસમાં ૧૩૩ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૫ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ફેબ્રુઆરી માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા ૪૯૦૦ અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૫૩૨ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા



### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાય •

**સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે**

### • સદ્‌ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 1,50,000.00 | શ્રી પ્રફુલભાઈ લાલચંદ શાહ | આરોગ્ય |
| 1,00,000.00 | શ્રી ફૂલચંદ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ | માંદગી સાધન સહાય |
| 40,000.00 | શ્રી નાનાલાલ ભવાનભાઈ પટેલ ચે. ટ્રસ્ટ | નેત્રયજ્ઞ |
| 21,000.00 | શ્રી વિનુભાઈ માધવલાલ બેરોનેટ ફાઉન્ડેશન | આરોગ્ય |
| 20,000.00 | બેલકોન પાવરટ્રાન્સ LLP | નેત્રયજ્ઞ |
| 10,000.00 | શ્રી મધુબહેન એન. મકવાણા | આરોગ્ય |
| 10,000.00 | ડૉ. દેવીન્દ્રાબહેન શાહ | પોષક આહાર |
| 9,500.00 | શ્રી નિલકમલ કાર્ટ એન્ડ કન્ટેનર્સ | શૈક્ષણિક સહાય |
| 7,500.00 | શ્રી શિલ્પાબહેન જે. મહેતા ફાઉન્ડેશન | શૈક્ષણિક સહાય |
| 7,500.00 | શ્રી હરસુખભાઈ બી. મહેતા ચે. ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચે. ટ્રસ્ટ | દૃષ્ટિ ચકાસણી |
| 5,000.00 | શ્રી વિનોદભાઈ અમૃતલાલ શાહ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સ્વાશ્રયી આરોગ્ય પરિવાર ટ્રસ્ટ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી આર.વી. ભટ્ટ HUF | આરોગ્ય |
| 5,000.00 | ડૉ. એમ.જી. દેસાઈ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી હસમુખભાઈ મૂળજીભાઈ ગાંધી | પોષક આહાર |
| 3,000.00 | શ્રી નીરવભાઈ એ. શાહ | આરોગ્ય |

# સાભાર સ્વીકાર



લોખંડ કમોડ ચેર-૧૫



સ્ટીલ કમોડ ચેર-૧૫



કમોડ વ્હીલચેર-૫



બેડપેન-૧૦



એરબેડ-૫

શિશુવિહાર સંસ્થામાં ચાલતી દર્દી સાધન સહાય પ્રવૃત્તિનો પ્રતિ વર્ષ લાભ લેતા ૮૧૩ નાગરિકો માટે શ્રી ફૂલચંદભાઈ તંબોળી પરિવાર દ્વારા વર્ષ ૨૦૨૩માં કમોડ વ્હીલચેર, એરબેડ, બેડપેન, સ્ટીલ કમોડ ચેર, લોખંડ કમોડ ચેર વગેરે સાધનો ઉપલબ્ધ કરવામાં આવ્યાં છે. સંસ્થા શ્રી વૈભવ બિપીનભાઈ તંબોળીનો આભાર માને છે.

જરૂરિયાતમંદ બહેનોને રોજગારી આપવા સાથે પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાનમાં સહયોગ આપતા સ્વ. ધીરજભાઈ દેસાઈ પરિવારના સદસ્ય શ્રી મનીષભાઈ દેસાઈએ કાપડની થેલી તૈયાર થઈ શકે તેવા શુટિંગ શર્ટિંગના કાપડની ૬ ગાંસડી મોકલી આપી છે. સંસ્થા દેસાઈ પરિવારનો આભાર માને છે.

## શુભેચ્છકો લખે છે

**• શ્રી ભરતભાઈ ગરીવાલા (પૂર્વ-અધ્યક્ષ આયોજન પંચ, ગુજરાત)**

શિશુવિહાર સંસ્થા જરૂરિયાતમંદોના સ્વાસ્થ્ય શિક્ષણ અને વડીલોની કાળજી થકી જે સેવા કાર્ય કરે છે તે અપ્રતિમ છે. સંસ્થાએ મેગસેસ ઍવોર્ડ માટે પ્રયત્ન કરવો ઘટે. મેં અગાઉ સેવા અને મજૂર મહાજન માટે આ વિગતે સ્ક્રિપ્ટ તૈયાર કરી છે. હું આપને મદદરૂપ થઈ શકું.

**• શ્રી ઈન્દાબહેન માનભાઈ ભટ્ટ**

નેત્રયજ્ઞમાં સર્જરીની સેવા મેળવતા દર્દીઓની વિશેષ કાળજી માટે તેમજ ભાવનગર શહેરની આંગણવાડીનાં બાળકોને કૌશલ્ય સેતુ અંતર્ગત જોડવા માટે એક વધુ સુવિધા શિશુવિહારને મળી છે તે ખરેખર આનંદ અને ગૌરવરૂપ છે.

**• ડૉ. દેવીન્દ્રાબહેન શાહ (અમદાવાદ)**

સંસ્થાનાં બાળકો બહેનો અને જરૂરિયાતમંદ ગરીબો માટેની આરોગ્ય સેવા ગુજરાતની અનેક સ્વૈચ્છિક સંસ્થાઓને નવી દિશા સુજાડે છે. શિશુવિહાર ટીમને અભિનંદન અને મારો સહયોગ સ્વીકારવા વિનંતી.

**• પ્રા. ડૉ. સતિષ પાઠક (ભાવનગર)**

શિશુવિહાર ટીમ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ અવિરતપણે ચાલે છે. જરૂરી અને ઉત્તમ પ્રયાસો છે. સાથી કાર્યકરોને અભિનંદન અને શુભેચ્છાઓ.

**• શ્રી હિતેનભાઈ ભટ્ટ (વાપી)**

વર્ષ ૨૦૦૯થી ચાલતી બાળ પુસ્તકાલય પ્રવૃત્તિ દાદ માગે છે. વાચેલ પુસ્તકોથી વાર્તા અને ચિત્રોની પ્રવૃત્તિ બાળકોમાં વિચારશક્તિ અને સર્જનશક્તિનો વિકાસ કરનાર કરશે. આજના સમયનાં વિભક્ત કુટુંબોના બાળકો માટે વાર્તા આધાર બને છે. તે વાલીઓએ પણ સમજવાનું છે.

**• શ્રી પ્રફુલભાઈ શાહ (અમદાવાદ)**

માણસ માટે તો આંખ અગત્યનું અંગ છે. તેના વિના ઘડપણ મુશ્કેલ બને છે. તમે ખૂબ કાળજી સાથે નેત્રયજ્ઞ-દૃષ્ટિ ચકાસણીનું કામ કરો છો. ધન્યવાદ અમારો સહયોગ સ્વીકારવા વિનંતી, ધન્યવાદ.

**• શ્રી વિનુભાઈ ગાંધી (સ્વાશ્રયી આરોગ્ય પરિવાર)**

વિકાસના નામે ભૌતિકતા અને પ્રગતિના નામે સાત્વિક અને સુક્ષ્મતાની ભારોભાર ઉપેક્ષા થઈ રહી છે. સમૃદ્ધિ અને સુવિધા વધવા ઉપરાંત તમામ ક્ષેત્રોમાં ક્ષમતા વધવા છતાં ગુણવતાઓ ઘટી રહી છે. આથી જનજીવનના જીવંત ધબકાર નબળા પડયા છે. ચીલાચાલુ રઝળપાટ

જોવા મળે છે. ઉદ્દંડ ભોગવાદ અને ઉપકરણોની આદત વકરીને ગુલામી વધી રહી છે. પરિણામે મનોદૈહિક આરોગ્ય કથળતું જાય છે. વૈચારિક આરોગ્ય કરમાઈ રહ્યું છે. વર્ષો અગાઉ પૂજ્ય માનભાઈના સાથમાં મહિલા કૉલેજના લાઈબ્રેરી હૉલમાં વિચાર ગોષ્ઠિની પ્રવૃત્તિ ચાલુ કરી હતી. ન કાંઈ ભંડોળ, ન કાંઈ ખર્ચ. સ્વૈચ્છિક યોગદાનનાં ધોરણે ઘણાં સમય સુધી જીજ્ઞાસુઓને વૈચારિક ભાથુ પ્રાપ્ત મળતું હતું. આ સરવાણી ફરી વહેતી કરવા વિનંતી. શિશુવિહાર સ્વરૂપે વડલાની વિવિધ પ્રવૃત્તિઓ ફાલીફૂલતી રહે એજ અભ્યર્થના.

**(તંત્રીઃ ભાવનગરની સંસ્કાર ભૂમિ ઉપર વૈચારિક વિવેક જળવાય રહે તે માટે શ્રી વિનુભાઈ ગાંધીની પ્રત્યક્ષ સહાયથી શિશુવિહાર પરિસરમાં પ્રત્યેક માસનાં બીજા શનિવારે પ્રબુદ્ધ નાગરિકો માટે ગોષ્ઠી યોજાશે.)**

**• શ્રી મીનાબહેન મોદી (એલ.એ., અમેરિકા)**

શિશુવિહાર ટીમનું કાર્ય પ્રેરણાદાઈ છે. મારા દાદા પૂજ્ય માનભાઈએ જે વિચારો મૂક્યા તે આજે પણ એટલા જ પ્રસ્તુત છે અને જન કલ્યાણ હેતુ સાચવનાર છે તે ગૌરવરૂપ છે.

**• શ્રી બાબુલભાઈ પ્રિયવદનભાઈ વ્હોરા (અમદાવાદ)**

સાચી નિષ્ઠાની હંમેશા જીત થાય છે. સારા સંકલ્પોને વડીલોના આશીર્વાદ રહે છે અને શિશુવિહાર તો તપોભૂમિ છે આથી સારાં સુંદર પરિણામો મળતા જ રહેવાના.

**• શ્રી સુનિલભાઈ વેદ (મુંબઈ)**

ઈશ્વર મહાન છે. તે સારા કામોને મદદ કરવા રાજી હોય છે. શિશુવિહારની નિઃસ્વાર્થ સેવા ક્યાંક ને ક્યાંક ઊગી નીકળે છે. સંસ્થાના સદકાર્યની કદરને પ્રણામ.

**• મારા મોટાભાઈઃ(સ્વાતંત્ર્ય સેનાની, બાળકેળવણીકાર શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટઃવર્ષ ૨૦૦૪)**

મારા મોટાભાઈ માનભાઈએ પોતાના નામમાંથી ‘માન’ શબ્દ કાઢી નાખ્યો હતો. માત્ર ભાઈ શબ્દ રાખ્યો હતો. શિશુવિહાર પરિવાર એમને ‘ભાઈ’ તરીકે જ ઓળખે છે. ભાઈ માન-સન્માનથી દૂર ભાગતા. ‘ભાગતા’ શબ્દમાં જરીએ અતિશયોક્તિ નથી. ઘણાં વરસો પહેલાં, ભાઈનાં ૭૫માં જન્મદિવસે દિવ્યજીવન સંઘ તરફથી તેઓનું અભિવાદન કરવા પ્રાર્થનાસભાની જાહેરાત કરવામાં આવી. વીરનગરના સેવાભાવી સંત ડૉ. શિવાનંદજી અધ્વર્યુ પણ પધારવાના હતા. આ દિવસે ભાઈ બહારગામ જાઉં છું એમ કહીને ખરેખર ભાગી ગયા હતા. બે-ત્રણ દિવસ રાજકોટ રોડ

પર આવેલ રંઘોળાના ભાવનાથ મહાદેવની જગ્યામાં રહ્યા. મંદિરની ગાયોની ગમાણનું અને મોટા મેદાનની સફાઈનું કામ કર્યુ. મંદિરના મહંતના પ્રિયજન બની ગયા. આ ઓળખાણ પછી ભાવનાથ મંદિરના મહંતશ્રી જયારે ભાવનગર આવે ત્યારે ભાઈને મળવા શિશુવિહારની મુલાકાતે અવશ્ય આવતા.

ભાઈ બીજાઓનું સન્માન બહુ હોંશથી કરતા. એ એમનો અંગત શોખનો વિષય હતો. શિશુવિહારમાં દર વરસે શ્રેષ્ઠ શિક્ષકનું, શ્રેષ્ઠ નાગરિકનું અને શ્રેષ્ઠ મહિલા સેવિકાનું સન્માન થાય છે. દિવાળી પછી વૃદ્ધજન સન્માનનો મોટો વાર્ષિક મેળાવડો થાય સાહિત્ય પ્રેમીઓની દર અઠવાડિયે મળતી બુધસભામાં દર મહિને એક કવિનું સન્માન થાય છે. ક્રીડાંગણમાં રમવા આવતાં બાળકોનું સન્માન કરવા ભાઈ રોજ સાંજે શિશુવિહારને દરવાજે બેસતા. જે બાળકના નખ વધ્યા હોય તેના નખ કાપી આપતા. આબાલ-વૃદ્ધ સૌ સન્માનને પાત્ર છે એમ માનતા.

શિશુવિહાર દ્વારા સેંકડો પ્રભુકૃપા નેત્રયજ્ઞો થયા અને હજુ દર મહિને એક થતો રહે છે. સેંકડો અને હજારોની સંખ્યામાં રકતદાન, ચક્ષુદાન અને દેહદાન થયા. તેનો લાભ લેનારા અસંખ્ય દરદીઓની પૂરા સન્માન અને પ્રેમ સાથે સેવા કરવાની ચીવટ માનભાઈ રાખતા. જેને સેવાની જરૂર હોય તેને પ્રભુ પ્રીત્યર્થે આદરપૂર્વક સેવા આપવી એ જ નિષ્કામ જન સેવા ગણતા. એટલું જ નહીં, ભાઈ સેવા સ્વીકારનારનો અંત:કરણપૂર્વક આભાર માનતા.

બાળપણમાં જ મારા અને મારા મોટા ભાઈ ઉપર મોટી આફત આવી. અમારી મા-જનેતાનું અવસાન થયું. અમે નમાયા બન્યા. એ વખતે હું ત્રણ વરસનો અને ભાઈ છ વરસના હતા. પણ ઈશ્વર દયાળુ છે. આફત આપનાર ભગવાન આફતમાંથી ઉગારવાનો અવકાશ પણ આપે છે. માનવ જીવનની ચાદર સુખ-દુ:ખના તાણાવાણાથી વણાયેલી છે. વિશ્વકવિ ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરના એક ગીતમાં ભગવાન તેના ભકતને કહે છે, ‘ દુ:ખ દિયે મિટાએ દુ:ખ તોમાર’. હું દુ:ખ દઈને તારું દુ:ખ મટાડીશ. આ ઈશ્વરી નિયમ અમને બાળપણમાં જ લાગુ પડયો. બાળકો માટે માતાના મરણથી વધારે મોટું દુ:ખ શેનું હોય? પરંતુ અમને ઓરમાન માતાના ત્રાસમાંથી બચાવી લેવા પિતાએ ફરી લગ્ન ન કર્યા. તેઓને ભાવનગર રાજયની પોલીસ ખાતાની નોકરીમાં બહારગામ રહેવું પડતું. અમને દાદાએ મોટા કર્યા. દાદા વિધૂર હતા. નિવૃત્ત હતા, કવિ હતા, સમાજ સુધારક હતા. જીવન નિર્વાહમાં અને ઘરકામમાં સ્વાવલંબી હતા. ‘પરાધિનને સ્વપ્નામાં

પણ સુખ ન મળે' એવા સંત તુલસીદાસજી વચનમાં માનનારા હતા. ઈ.સ. ૧૯૧૬માં ગાંધીજી ભાવનગર આવ્યા ત્યારે તેના દર્શન કરવા અમને બંને ભાઈઓને લઈ ગયા હતા. એ મને બરાબર યાદ છે. દાદા પાસેથી શીખેલ દરેક પ્રકારનું ઘરકામ ભાઈ એવી કુશળતાપૂર્વક કરતા કે દાદા ખુશ થઈ જતા. તેના બદલામાં દાદા પણ ભાઈનો પડયો બોલ ઝીલતા. સેવાના સંસ્કારો ઘરમાંથી જ મળે છે. ઘર એ જ માનવજીવનનાં ઘડતરની સૌ પ્રથમ સર્વોત્તમ શાળા છે. દાદાએ બાળપણમાં ભાઈને દરેક કામ ચીવટથી કરતા શીખવ્યું.

માનભાઈને નિશાળના ગોખણિયા ભણતરમાં જરાય રસ ન પડયો. બેઠાડું ગોખણિયા જ્ઞાનથી એમને નફરત હતી. તરવાની ચોપડી વાંચીને તરતા થોડું શીખાય! દાદા સારા તરવૈયા હતા. એમણે અમને જમનાકુંડમાં તરતા શીખવ્યું. ભાઈને નાનપણથી જ જીવનલક્ષી પ્રવૃત્તિઓમાં સક્રિય રસ હતો. જે વેસ્ટમાંથી બેસ્ટ બનાવી શકે તે સાચો કારીગર તેવું કહેતા. ભાઈ સારા કારીગર હતા. બાકી ગોખણિયા જ્ઞાનના ડીગ્રીધારકો તો બેસ્ટમાંથી પણ વેસ્ટ કરી નાખે છે.

નિશાળે જવાનું કહીને ભાઈ જયારે રખડતા ત્યારે એ રખડવાના સમયનો પણ સદુપયોગ કરતા. પીલગાર્ડન (સરદારબાગ)માં બેસીને સરસ સૂત્રોની ફ્રેઈમ બનાવતા. 'આજે રોકડા કાલે ઉધાર', 'મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા'. જેવા સોનેરી કે રૂપેરી અક્ષરે લખેલા સૂત્રો વેપારીઓ ખરીદીને પોતાની દુકાનમાં લટકાવતા. ન ભણવા માટે ઘરેથી ભાગીને સુરત ગયા. ત્યાં કાચ અને ફ્રેમની એક દુકાનમાં કામે રહ્યા. ત્યાં પણ કુશળ કામગીરીથી શેઠને ખુશ કરી દીધા. શેઠે પોતાના ઘરમાં જ માનભાઈને આશરો આપ્યો. યોગની એક વ્યાખ્યા એવી છે કે કામમાં કુશળતા તે યોગ. ભાઈ એવા કર્મયોગી હતા. પિતાશ્રીની ઈચ્છા અને આગ્રહ એવા કે ભાઈ પહેલા મેટ્રિક પાસ થઈ જાય. પછી પોલીસ ખાતાનાં ફોઝદાર તરીકે ગમે ત્યાં લાગવગ લગાડીને તેને ખુરશીની નોકરી અપાવી દેવી, પણ ભાઈએ તો નક્કી કર્યું હતું કે, નિશાળમાં ભણવું નથી. કાળી મજૂરી કરીને પણ સારા કારીગર બનવું છે. લાગવગ લગાડીને સરકારી નોકરી તો નહીં જ.

૧૫-૧૬ વરસની ઉંમરે ભાઈ ભાવનગરમાં જૂના બંદરે આવેલ ફેરીવર્કશોપમાં કોલસા ભાંગનાર રોજમદાર મજૂર તરીકે કામે લાગ્યા. ૨૫ પૈસા રોજ મળતું. ૧૦-૧૧ વર્ષના ટૂંકા ગાળામાં કોલસા ભાંગનાર મજૂરમાંથી ભાઈ પોર્ટ વર્કશોપમાં મિસ્ત્રી બની ગયા. એ વખતના અંગ્રેજ પોર્ટ ઓફીસર જહોનસન સાહેબ ભાઈના કામથી ખૂબ ખુશ હતા. ભાઈ

જ્યારે ફેરી-વર્કશોપ શોપમાં દાખલ થયા ત્યારે તો બધા મજૂરો અંગૂઠાછાપ-અભણ હતા. મોટાભાગના કરચલિયાપરાના અને વડવાના કોળી ભાઈઓ હતા. આ મજૂર મિત્રો સંપીને રહે, વ્યસન મુક્ત બને, ખપ પૂરતું લખતા-વાંચતા શીખે, નિષ્ઠાપૂર્વક કામ કરે તેવી રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરી. આ મજૂરો જે લત્તામાં રહેતા તે લત્તામાંથી પ્રૌઢ શિક્ષણના વર્ગો, બાલમંદિર, મહિલામંડળ, ભજન મંડળી, શ્રમયજ્ઞ વગેરે શરૂ કર્યા. કરચલિયા પરામાં વાલ્કેટ ગેટ સામે માછીમારના જર્જરિત વંડામાં મેડી ઉપર બાલમંદિર શરૂ કર્યુ. ત્યાં નીચે માછલા વેચાય અને ઉપર બાલમંદિર ચાલે. એવા હતા એ વખતના હાલ હવાલ.

ભાઈએ પોતાના શ્રમજીવી મિત્રોનું એક મંડળ બનાવ્યું હતું. એનું નામ રાખ્યું 'આનંદ મંગળ મંડળ'. તેનો હેતુ આનંદ કરવાનો હતો. એવો આનંદ કે જેથી સૌનું મંગળ થાય. કરચલિયા પરાની બજરંગ વ્યાયામ શાળા, મજૂર કલ્યાણ કેન્દ્ર, ગોરડનું સ્મશાન, વડવા રામજી મંદિરની શાળા, નવજીવન બાલશાળા વગેરે અનેક સંસ્થાઓ આનંદ મંગળ મંડળના સભ્યોના સ્વૈચ્છિક સહકાર અને શિસ્તબદ્ધ નિષ્કામ જનસેવાને આભારી છે. આ મંડળની પ્રભાત ફેરીએ ભાવનગરની જનતાને જગાડવામાં અગત્યનો ફાળો આપેલ છે. આનંદ મંગળ મંડળના મજૂરમિત્રોના સાથ સહકારથી વર્ષ ૧૯૩૯માં નૂતનવર્ષનાં શુભ દિવસે ભાવનગરની રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના વિનયમંદિરના આચાર્ય શ્રી હરભાઈ ત્રિવેદીના વરદ્ હસ્તે શિશુવિહારની સ્થાપના થઈ. જમનાકુંડના હરિજનવાસ પાસે ગામના ઉકરડા જેવી બિનવારસી જમીન ઉપર થઈ. વૃક્ષારોપણની જેમ લોખંડના એક હીંચકારોપણથી થઈ.

એ વખતે ભાઈની ઉંમર ૩૧ વર્ષની હતી. ત્યારથી ભાઈ શિશુવિહારના આજીવન માનદ સેવક, આદ્યસ્થાપક, સંવર્ધક અને સંચાલક બન્યા. કોઈએ એમને સેવક કે સંચાલક બનાવ્યા નહોતા. સ્વેચ્છાથી બન્યા હતા. દિલમાં નિષ્કામ જનસેવાની તમન્ના હતી. તેને પૂરી કર્યા વિના રહેવાતું નહોતું. નિષ્કામ જનસેવામાં, અલૌકિક શક્તિ છે. તે કદિ નિષ્ફળ જતી નથી. તેની શરૂઆત છેક નાની હોવા છતાં તેનુ પરિણામ ઘણું મોટું મળે છે. શિશુવિહારે રખડતા ગરીબના છોકરાંને બેરોકટોક હીંચકા ખાવા એક હીંચકો ઊભો કર્યો. તેમાંથી કેવી મોટી સંસ્થા બની એ તેનું સાક્ષાત્ જીવંત દૃષ્ટાંત છે આજનું શિશુવિહાર.

(બાળકેળવણીકાર: સ્વાતંત્ર્ય સેનાની પૂજ્ય પ્રેમશંકરભાઈની હસ્તલિખિત નોંધમાંથી-સાભાર)



વિશેષ

# ભાષાનાં સર્જન અને સર્જક બન્નેનું ભાવસભર જતન કરે છે આ શહેર

ભાવનગરમાં બુધસભાથી શરૂ થયેલી યાત્રા ગદ્યસભા અને કવિતાક્ષ દ્વારા પહોંચી છે સાહિત્યપ્રેમીઓનાં હૃદય સુધી.

જયેશ દવે (ભાવનગર)

વાર્તાપર્વ... આવો ઉપક્રમ જરા હટકે લાગે અને એક મિનિટનો શૉર્ટ વિડિયો પણ પૂરો જોવામાં કંટાળો આવે એવા સમયમાં બીજાની વાર્તા સાંભળવા માટે હાઉસ પૅક શ્રોતાઓ હાજર રહે એ આનંદપ્રદ ગણી શકાય. આ કાર્યક્રમ યોજાયો ભાવનગરમાં ગદ્યસભાના ઉપક્રમે.

૨૧ ફેબ્રુઆરીએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે વિવિધ શહેરો અને ગામોમાં કાર્યક્રમ યોજાવાના છે. ક્યાંક ક્યાંક તો અઠવાડિયા અગાઉથી એવા કાર્યક્રમોની શરૂઆત થઈ ગઈ છે. એમાં વાત ભાવનગરની એટલા માટે કે સાતેક લાખની વસતિ ધરાવતા આ શહેરમાં સાહિત્યની પ્રવૃત્તિ સતત ચાલતી રહે છે. આવી પ્રવૃત્તિ અને એની ફળશ્રુતિની ગણતરી માંડીએ તો ભાવનગર સમગ્ર ગુજરાતમાં આ માટે ટોચ પર ગણી શકાય.

તો શું છે આ ભાવનગરમાં? બાર ગાઉએ બોલી બદલાય... આ જાણીતી કહેવત છે અને એ સાચું પણ છે. ગુજરાતી ભાષાની જ વાત કરીએ તો કેટલાક પ્રદેશોની બોલી તો એવી છે કે બીજા પ્રદેશના લોકો સમજી પણ ન શકે. એટલે કે લખાય છે એવું જ બોલાતું નથી. એક સર્વે મુજબ, ગુજરાતી ભાષામાં સૌથી શુદ્ધ બોલી ભાવનગરમાં બોલાય છે અને એનું કારણ કદાચ એ જ છે કે અહીં સાહિત્યપ્રવૃત્તિ સતત ચાલતી રહે છે અને ભાષા સાથેનું કામ કોઈ ને કોઈ સ્વરૂપે થતું રહે છે. અહીં ચાલતી બુધસભા, ગદ્યસભા કે કવિતાક્ષ જેવી પ્રવૃત્તિને એમાં મોખરે ગણી શકાય.

કળા સાંસ્કૃતિક નગરી અને એક સમયે ગઝલના મક્કા તરીકે જાણીતા ભાવનગર સ્ટેટના મહારાજા વજેસિંહજી રાઓલ મોતી પેલેસ ખાતે કવિઓ, સાહિત્યકારોને મળતા. એ સમયે ઉમદા કવિઓ આ સભામાં આવતા. આ બંગલો બુધવારિયા બંગલા તરીકે જાણીતો થઈ ગયો હતો. જો કે સમય જતાં આ પ્રવૃત્તિ બંધ પડી. વચ્ચેના સમયમાં નાના-મોટા પ્રયત્ન થયા, પરંતુ એ સતત ન ચાલ્યા. આખરે શિશુવિહારમાં આચાર્ય તખ્તસિંહજી પરમારે આ બુધસભાને નવસંસ્કરણ સાથે કાર્યાન્વિત કરી. એ દિવસ હતો પાંચ નવેમ્બર, ૧૯૮૦... અને ત્યારથી આજ સુધી આ બુધસભા અવિરત ચાલી રહી છે.

૪૨ વર્ષમાં બુધસભા ક્યારેય અટકી નથી, કોરોના કાળ દરમિયાન પણ ઑનલાઈન બુધસભા

બુધસભા, કવિતાક્ષ તથા ગદ્યસભા જેવી નિયમિત ચાલતી પ્રવૃત્તિ એ ભાવનગરને મળેલા સાહિત્યવારસાનું પરિણામ છે.

૩૫

ચિત્રલેખા । ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૩

• ૨૧ ફેબ્રુઆરીએ આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે શહેરો અને ગામોમાં વિવિધ કાર્યક્રમ યોજતા હોય છે. એમાં વાત ભાવનગરની એટલા માટે કે સાતેક લાખની વસતી ધરાવતા આ શહેરમાં સાહિત્યની પ્રવૃત્તિ સતત ચાલતી જ રહે છે. આવી પ્રવૃત્તિ અને એની ફળશ્રુતિની ગણતરી માંડીએ તો ભાવનગર સમગ્ર ગુજરાતમાં આ માટે ટોચ પર ગણી શકાય. ભાષામાં સૌથી શુદ્ધ બોલી ભાવનગરમાં બોલાય છે અને એનું કારણ કદાચ એ જ છે કે અહીં સાહિત્યપ્રવૃત્તિ સાતત્યતાથી વહે છે અને ભાષા સાથેનું કામ કોઈ ને કોઈ સ્વરૂપે થતું રહે છે, અહીં ચાલતી બુધસભા, ગદ્યસભા જેવી પ્રવૃત્તિને એમાં મોખરે ગણી શકાય.

કળા સાંસ્કૃતિક નગરી અને એક સમયે ગઝલના મક્કા તરીકે જાણીતા ભાવનગર સ્ટેટના મહારાજા વજેસિંહજી રાઓલ મોતી પેલેસ ખાતે કવિઓ, સાહિત્યકારોને મળતા. એ સમયે ઉમદા કવિઓ આ સભામાં આવતા. આ બંગલો બુધવારિયા બંગલા તરીકે જાણીતો થઈ ગયો હતો. શિશુવિહારમાં આચાર્ય તખ્તસિંહજી પરમારે આ બુધસભાને નવસંસ્કરણ સાથે કાર્યાન્વિત કરી. એ દિવસ હતો પાંચ નવેમ્બર, ૧૯૮૦ અને ત્યારથી ૨૨૨૬ સપ્તાહથી સાતત્યપૂર્ણ રીતે આ બુધસભા અવિરત ચાલી રહી છે.
૪૩ વર્ષમાં બુધસભા ક્યારેય અટકી નથી. કોરોનાકાળ દરમિયાન પણ ઑનલાઈન બુધસભા યોજાતી હતી.

સંસ્થાના મંત્રી ડૉ. નાનકભાઈ ભટ્ટ પોરસાઈને કહે છે: ૪૩ વર્ષમાં આ બુધસભામાં ૪૦ હજારથી વધુ કૃતિ પ્રસ્તુત થઈ, ૧૮૩થી વધુ મહાનુભાવોના હસ્તે ૧૩૮ કાવ્યસંગ્રહનાં વિમોચન આ બુધસભાના આંગણે થયા છે. ઉપરાંત, અહીં વ્યાખ્યાન, કાર્યશિબિર, સાહિત્યપ્રવાસ, મુલાકાતો યોજાય છે અને યોજાતા રહે છે. આગામી દિવસોમાં શિશુવિહારની બુધસભા વિશ્વની કોઈ રેકોર્ડ બુકમાં સ્થાન પામે તો નવાઈ નહીં.

પદ્ય એટલે કવિતા, માટેની પ્રવૃત્તિનાં ૧૨ વર્ષ પછી ભાવનગરમાં ગદ્યસભાનો ઉદય થયો. સર્જકોની સિસૃક્ષા-સર્જન કરવાની ઈચ્છાને સંકોરવાના ઉદ્દેશ સાથે ડૉ. ગંભીરસિંહજી ગોહિલના નેતૃત્વ અને માય ડિયર જયુની નિસબત અને નિષ્ઠા સાથે ૯ ફેબ્રુઆરી, ૧૯૯૨થી દર ગુરુવારે મળતી. ગદ્યસભા હાલ ડૉ. મહેન્દ્રસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ દર ગુરુવારે સાંજે સર્જકો એકઠાં થઈને પોતાનાં સર્જન બધા સામે રજૂ કરે અને પછી એના વિશે ચર્ચાનો દોર ચાલે. આટલાં વર્ષોમાં કેટલાય મહાનુભાવોએ ગદ્યસભાની મુલાકાત લીધી છે અને ગદ્યસભાની કામગીરીને બિરદાવી છે. ભાવનગર ગદ્યસભાના બત્રીસમાં સ્થાપના દિવસની અનોખી ઉજવણી હમણાંજ વાર્તાપર્વ નામે અનોખા કાર્યક્રમ રૂપે થઈ, જેમાં ભાવનગરની સાહિત્યપ્રેમી જનતાએ બહોળી હાજરી આપી તો વડોદરા, અમદાવાદ, અમરેલી અને પાલિતાણાથી પણ ગદ્યપ્રેમીઓ જોડાયા હતા.

શિશુવિહાર બુધસભા ખાતે ૪૩થી વધુ વર્ષોથી ચાલતી સ્વ-કાવ્યપાઠની પ્રવૃત્તિનું વિસ્તરણ કરીને એમાં વધુ ને વધુ ભાવકોને સહભાગી બનાવીને કવિતાને વધુ નજીકથી ઓળખવા-માણવા સાથે ભાષા-સાહિત્યના વિદ્યાર્થીઓ અને અભ્યાસુઓને એકેડેમિક લાભ પણ મળી શકે એ માટે કશુંક નોખું કરવાના ભાવથી યુવા પ્રાધ્યાપક કવિ હિમલ પંડયાના વિચારથી ભાવનગરમાં કવિતાકક્ષની સ્થાપના થઈ. ટૂંકાગાળામાં નવતર આયોજનો, યોગ્ય પ્રચાર અને પ્રસાર, અમલીકરણ, સોશિયલ મીડિયાના વિવેકપૂર્ણ અને અસરકારક વિનિયોગથી ભાવનગર અને ગુજરાતના સીમાડાઓ વટાવીને કવિતાકક્ષે ઓળખ ઊભી કરી છે.

માતુભાષાની વાત કરી રહ્યા છીએ ત્યારે આ શહેરમાં ગઝલને એક અભ્યાસક્રમ સ્વરૂપે શીખવવાનો નવતર પ્રયોગ થયો હતો એને પણ યાદ કરવો રહે. કવિ ગુણવંત ઉપાધ્યાયે શરૂ કરેલી વિશ્વની પહેલી અને એકમાત્ર સ્કૂલ ઑફ ગુજરાતી ગઝલમાં આ પ્રયોગ થયો હતો. ગુજરાતના એક ખૂણે વસેલું આ નાનું નગર ભાવનગર આવા વિવિધ ઉપક્રમના માધ્યમથી એના નામ મુજબ જ સાહિત્યપ્રવૃત્તિમાં ભાવસભર કામ કરી રહ્યું છે.

સાભાર સંક્ષિપ્ત: શ્રી જયેશભાઈ દવે (ચિત્રલેખા)



## શિક્ષકોના સામાજિક ઉત્તરદાયિત્વ કાર્યક્રમ અંગે શિશુવિહાર સંસ્થા દ્વારા પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને સ્કૂલ કીટ વિતરણ સહકાર માટે વિનંતી



| | | |
|---|---|---|
| કંપાસ સેટ-૧ | 38 X 1500 | = 57,000 |
| નોટબુક સેટ-૫ | 65 X 1500 | = 97,500 |
| સ્કૂલ બેગ-૧ | 190 X1500 | =2,85,000 |
| વોટર બોટલ-૧ | 24 X 1500 | = 36,000 |
| સ્કૂલ શુઝ(પેર) | 120 X 1500 | = 1,80,000 |
| | | **6,55,500** |

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અને માતા અથવા પિતાની ખોટ ધરાવતા ૧૫૦૦ ગરીબ વિદ્યાર્થીઓને શિશુવિહાર પ્રતિવર્ષ સ્કૂલ કીટ પહોંચાડે છે. આ માટેનો કુલ ખર્ચ ૬,૫૫,૫૦૦/- થતો હોય છે. વર્ષ ૨૦૧૦થી પ્રારંભાયેલ શિશુવિહાર સંસ્થાની સેવાકીય શૈક્ષણિક પ્રવૃત્તિને લક્ષમાં લઈ આપ કોઈ એકાદ ચીજની સહાય આપી શકો તો આભારી થઈશું.

-ડૉ. નાનકભાઈ ભટ્ટ મંત્રી
મો.૯૮૯૮૪૬૩૪૮૯

| ક્રમાંક | તારીખ | શાળા સંખ્યા | કીટ સંખ્યા | કિંમત | માર્ગદર્શક મહાનુભાવશ્રી |
|---|---|---|---|---|---|
| 1. | 2010 | 80 | 1930 | 350000.00 | પૂજ્ય મોરારિબાપુ |
| 2. | 2011 | 80 | 1930 | 350000.00 | શ્રી એ.જે.નિમાવત |
| 3. | 2012 | 80 | 1930 | 350000.00 | શાહબુદ્દિનસિંહ રાઠોડ |
| 4. | 2013 | 80 | 1930 | 350000.00 | ભૂપેન્દ્રસિંહ ચુડાસમા |
| 5. | 2014 | 80 | 1930 | 350000.00 | શ્રી આઈ.કે. જાડેજા |
| 6. | 2015 | 58 | 1700 | 650000.00 | ડૉ. મુનિભાઈ મહેતા |
| 7. | 2016 | 55 | 1575 | 650000.00 | શ્રી સતિષભાઈ ત્રિવેદી |
| 8. | 2018 | 55 | 1700 | 650000.00 | શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા |
| 9. | 2018 | 54 | 1700 | 670000.00 | સ્વામિશ્રી જ્ઞાનજીવનદાસજી |
| 10. | 2019 | 56 | 1700 | 700000.00 | ઈન્દુમતિબહેન કાટદરે |
| 11. | 2021 | 55 | 1500 | 650000.00 | સ્વામીશ્રી નિખિલેશ્વરાનંદજી |
| 12. | 2022 | 55 | 1500 | 651001.00 | પૂજ્ય મોરારિબાપુ |

**૧૨ વર્ષમાં બાળકોને આપેલ સ્કૂલ કીટ સંખ્યા ૨૧,૦૨૫**

## શ્રદ્ધાંજલિ

# સ્વ. રમણિકભાઈ મહેતાને શિશુવિહારથી કર્તવ્ય શ્રદ્ધાંજલિ



શિશુવિહારની આરોગ્ય પ્રવૃત્તિના દાતા અને વર્ષ ૨૦૧૯માં સ્વસ્થ વૃદ્ધત્વ એવોર્ડથી સન્માનિત શ્રી રમણિકભાઈ મહેતા હવે આપણી વચ્ચે નથી. ગરીબ માણસોની આરોગ્યની વિશેષ કાળજી માટે શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતાના નામથી શરૂ કરાયેલ સંસ્થા આરોગ્ય પ્રવૃત્તિમાં અનન્ય યોગદાન આપનાર સ્વ. રમણિકભાઈના સ્વર્ગવાસથી સંસ્થાએ પોતાના વધુ એક આપ્તજન ખોયા છે. ઈશ્વર સદગતના આત્માને ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના.




વર્ષ ૨૦૧૯થી કાર્યાન્વિત સ્વ. સુશિલાબહેન રમણિકભાઈ મેડિકલ સેન્ટરના ઉપક્રમે શિશુવિહાર બાલમંદિર અને ક્રીડાંગણનાં ૧૨૦ બાળકોને નિયમિત રીતે અપાતા પોષક આહાર સાથે મલ્ટી વિટામીન, CADCAL_B12 તથા A COR Z ટેબલેટનું એક માસ માટેના ડોઝનું વિતરણ કરવામાં આવ્યું. ડૉ. શ્રી દિપ્તીબહેન શાહનાં વિશેષ માર્ગદર્શન સાથે યોજાયેલ માર્ગદર્શન બેઠક બાદ સ્વ. રમણિકભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021

બેંકની વિગતો
નામ: '**શિશુવિહાર**'
SBI નેટબેન્કિંગ એકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY

UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

**Shishuvihar Bhavnagar** (Facebook)
**Shishuvihar Bhavnagar** (YouTube)
**Shishuvihar** (Instagram)
**Shishuvihar** (Play Store)

પરામર્શ સમિતિ
સર્વશ્રી ઈન્દિરાબહેન ભટ્ટ, અનિલભાઈ બોરીચા, દક્ષાબહેન ગોહેલ, મનિષા કણબી, ભાવનાબહેન પંડયા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY SHRI INDABEN M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR (GUJARAT) AND PRINTED AT VANSHIKA FORMS, F-12, SANGHVI PLASTIC COM., B/H. BOMBAY SHUTTLE, TEKARI CHOWK, RUVAPARI ROAD, BHAVNAGAR, PIN: 364001. (GUJARAT) INDIA